## <u>એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ કોર્ટ નં. ૩૭</u>
## <u>( એન.આઈ.એકટની કોર્ટ )</u>
## :: આંક–૦૧ લગત હુકમ ::

૧. ફરીયાદી તર્ફે વિ.વકિલશ્રી હાજર,તેઓની રજુઆત સાંભળવામાં આવી.રજુઆતની વિગતે તેઓ ધ્વારા ફરીયાદની વિગત મુજબની વિગત જણાવી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ અનુસારની હોવાનુ જણાવી ફરીયાદ રજીસ્ટરે લેવા અરજ કરેલ છે.વધુમાં ફરીયાદી તર્ફે એવી રજુઆત પણ છે કે, ચેકમાં આરોપીની સહી છે,આરોપીને ચેક પરત ફર્યા બાબતની નોટીસ નિયત સમયમાં આપેલ છે ,નોટીસની બજવણી આરોપીને થયેલ છે , નોટીસ મુજબનુ વર્તન થયેલ નથી, કાયદાની જોગવાઈમાં આરોપીનુ કૃત્ય પડતુ હોઈ તે સંજોગે આરોપી વિરૂઘ્ધ ક્રિમીનલ કેસ રજીસ્ટર કરી સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરવો જોઈએ.

૨. ફરીયાદ હકીકત વંચાણે લીધી,રજુઆત ઘ્યાને લીધી, ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોગંદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ઘ્યાને લીધુ, **નામદાર સર્વોચ્ચ <u>અદાલતના રીટ પીટીશન (સીવીલ) ૧૮/૨૦૧૩ ઈન્ડીયન બેંક એસોશીએન અને અન્ય વિરૂઘ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને અન્ય</u>** માં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ઘ્યાને લીધા.રજુ દસ્તાવેજી આધાર અને કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોવાનુ પ્રથમ દર્શને જણાઈ આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોગંદનામું અને દસ્તાવેજો ઘ્યાને લઈને પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો જણાઈ આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ પણ લઈ શકાય છે. આમ સમગ્ર પુરાવા રજુઆત નજર સમક્ષ રાખી પરીણામ સ્વરૂપ આ કામે નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે.

### <u>હુકમ</u>

હાલની આ ઈન્કવાયરી આથી ફેસલ કરી ,સદર ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી વિરૂઘ્ધ ફોજદારી કાર્યરીતી સહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૪ અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરૂઘ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરાવામાં આવે છે.

ફરી મુદત તા. / /૨૦૨૩

(વી.ડી.પટેલ)
એડી.ચીફ.મેટ્રો.મેજી. કોર્ટ નં. ૩૭
લાલદરવાજા,અમદાવાદ.

સ્થળઃ– અમદાવાદ.
તા.૦૩/૦૭/૨૦૨૩